ગાંધીનગર સમાચાર

તા. ૩૧-૧-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### દિલ્હીનું કુરુક્ષેત્ર કોણ જીતશે?

દિલ્હીને દેશનું દિલ માનનારા દિલ્હીવાસીઓ એક જ વરસમાં ટૂંકા ગાળામાં બીજ વાર વિધાનસભાનું મતદાન કરશે. આ પરિસ્થિતિ દિલ્હીમાં ગત વર્ષે થયેલ ચૂંટણીમાં ત્રિશંકુ વિધાનસભા સરજાઇ એના કારણે ઊભી થવા પામેલ છે. ગત વર્ષે મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવામાં આવ્યા હતા અને તેઓ દેશભરમાં મોટી મોટી ચૂંટણી સભાઓ સંબોધવા લાગ્યા હતા. દિલ્હીમાં પણ મોદી મોજું તો હતું જ, વળી ડો. હર્ષવર્ધન જેવા સ્વચ્છ ઇમેજ ધરાવતા નેતાની આગેવાનીમાં ચૂંટણી લડાઇ હતી. પરંતુ અણ્ણા આંદોલનની પેદાસ જેવી આમ આદમી પાર્ટીએ એનું આગવું વજૂદ ઊભું કરી દીધેલ હોઇ ભાજપને પૂર્ણ બહુમતી મેળવવામાં ત્રણ બેઠકો ખૂટી હતી. સૌથી મોટા પક્ષ તરીકે ચૂંટાઇ આવ્યા છતાં ત્યારે ભાજપ સરકાર બનાવવાની બાબતમાં અવઢવ અનુભવતું હતું. એને તે સમયે અપક્ષો કે અન્ય કોઇનું સમર્થન મળી શકે તેમ નહોતું તેથી સૌથી મોટો પક્ષ હોવા છતાં એણે સરકાર રચવાની બાબતમાં આગળ વધવું મુનાસિબ નહોતું લેખ્યું - ૨૮ બેઠકો જીતનાર બીજા નંબરની કેજરીવાલની આમ આદમી પાર્ટીએ ઘણી જદ્દોજહદને અંતે કોંગ્રેસના ટેકાથી સરકાર તો બનાવી, પરંતુ નવા સવા મુખ્યમંત્રીએ કોંગ્રેસના સમર્થનની જાણે પોતોન કશી જરૂર જ ન હોય - એવું વલણ અપનાવીને કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી શીલા દિક્ષીત સહિત હાઇકમાંડને ભાંડવાનું ચાલુ રાખ્યું. કેજરીવાલે વીજળી અને પાણીના મુદ્દે લોકપ્રિય બનવાનો અભિગમ અપનાવ્યો, ઉચ્ચાભિલાષી કેજરીવાલ વારાસણીમાંથી સંસદની ચૂંટણી લડી રહેલ ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે ચૂંટણી જંગમાં ઊતર્યા અને હાર્યા. કેન્દ્રમાં ભાજપની સરકાર રચાયા પછી દિલ્હીમાં રાજ્યપાલ શાસન હટાવી લોકપ્રિય સરકાર બનાવવાની નવેસરથી કસરત શરૂ થઇ ત્યારે એક તબક્કે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના અસંતુષ્ટોને પક્ષપલટો કરાવી ભાજપ સરકાર બનાવી દેશે, એવું લાગતું હતું. પરંત આ રીતે પક્ષ પલટા કરાવવાથી ભાજપની ઇમેજ ખરડાશે, એવું લાગતાં નવેસરથી ચૂંટણી કરાવવાનું નક્કી થયું. હવે ચૂંટણીનો દિવસ જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે ગળાકાપ હરીફાઇ જામતી વરતાય છે ભાજપ પાસે કેજરીવાલની ટક્કર લઇ શકે એવો 'ચહેરો' નહોતો, તેથી પ્રતિભા સંપન્ન કિરણ બેદીને ભાજપે રાતોરાત મુખ્યમંત્રી પદનાં ઉમેદવાર બનાવી આ પ્રતિષ્ઠાનો જંગ જીતી લેવાની વ્યૂહરચના અપનાવી છે. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખને નોતરીને મોદીએ વધુ એક માસ્ટર સ્ટ્રોક લગાવી જીતની શક્યતા વધારે ઊજળી બનાવી છે.

## રવિવારે રાંધેજા ખાતે અગત્સ્ય આયુર્વેદ ચિકિત્સાલયનો શિલાન્યાસ સમારોહ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરથી માણસા રોડ પર આવેલ રાંધેજા ચોકડી ખાતે આવેલ આર્યગ્રામ આશ્રમ કેશવ ગૌશાળા ખાતે તા. ૧લી ફેબ્રુઆરી રવિવારે સવારે ૧૦થી ૧૨ વાગ્યા દરમિયાન અગત્સ્ય આયુર્વેદ ચિકિત્સાલયનો શિલાન્યાસ કરવામાં આવનાર છે. આ શિલાન્યાસ વિધિ કેરલના અગત્સ્ય મઠના આચાર્ય નારાયણ ગુરુકલના હસ્તે કરવામાં આવશે.

આ પ્રસંગે રાજયસભાના સાંસદ મનસુખભાઈ માંડવીયા, ગૌ સેવા અને ગોચર વિકાસ બોર્ડના અધ્યક્ષ ડૉ.વલ્લભભાઈ કથીરીયા અને ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગરના કુલપતિ વૈદ્ય રાજેશ કોટેચા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત અતિથિ વિશેષ પદે સાધના સાપ્તાહિકના પ્રકાશક રસિકભાઈ ખમાર, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગુજરાત પ્રાંતના ગૌ સેવા પ્રમુખ ઘનશ્યામભાઈ સીતાપરા અને કડીના આદર્શ વિદ્યાલયના કેમ્પસ નિયામક કેશુભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

## રવિવારે પેથાપુરમાં કવ્વાલીનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર પાસે આવેલ પેથાપુર ગામે તા. ૧લી જાન્યુઆરી રવિવારે ગ્યારમી શરીફના ઉર્સ નિમિત્તે જયપુરના મશહુર કવ્વાલ શમીન નઈમનો કવ્વાલીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ જીઈબી થર્મલ પાવરની બાજુમાં આવેલ સંજરી પાર્ક ખાતે યોજાશે તેવું યુસુફભાઈ પરમાર દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# સોજા હાઈસ્કૂલના ઉપક્રમે મહાત્મા ગાંધીજી નિર્વાણ દિનની ભવ્ય ઉજવણી

કલોલ તાલુકાની લબ્ધ -તિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના ઉપક્રમે ગુજરાત સરકારશ્રીના પરિપત્ર અનુસાર આજ રોજ મહાત્મા ગાંધીજી નિર્વાણ દિનની ભવ્યઉજવણી કરવામાં આવી હતી.



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિન નિમિત્તે સદર શાળામાં મહાત્મા ગાંધીજી અને ગ્રામ સફાઈ વિષય અન્વયે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. યુગપુરુષ મહાત્મા ગાંધીજીનાઁ ગ્રામ સફાઈ અને સ્વચ્છતા ના મહાવ્રતને આત્મસાત કરવા અને અભિભૂત કરવાના શુભાશયથી પ્રેરિત સદર ચિત્ર સ્પર્ધામાં પૂર્વ પ્રાથમિક,ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના તમામ અધ્યેતા બાળકોએ હોંશભેર ભાગ લીધો હતો. બાળકોએ પોતાના વિચારો-અભિ-ાયો-સૂચનો-મંતવ્યો-કૌશલ્યો પેન્સિલ-પીંછી-રંગોની મદદથી સુંદર ચિત્રો સ્વરૂપે મૂર્તિમંત કર્યા હતા. શાળાના બાળકો અને નાગરિકોમાં ગ્રામસફાઈ અને સ્વચ્છતાના જીવનમૂલ્યોનું સંવર્ધન થાય અને વિવિધ સુષુજ્ઞ-ગર્ભિત કૌશલ્યો વિકસે તે માટે ગાંધીવિચારના અભ્યાસુ એવા ગણિત-વિજ્ઞાન શિક્ષકશ્રી રાકેશ -જાપતિએ રાહીએ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને અભિ-રિત કર્યા હતા. ગાંધીજી અને સફાઈ -તિક-ચિહ્ન ઝાડૂના રેખાકૃત્તિ સ્વરૂપે ગોઠવાઈને બાળકોએ સદર સ્પર્ધા સંપન્ન કરી હતી. આ -સંગે બાળકોએ ૨ મિનિટનું મૌન પાળી ૧૦૦ કલાક સ્વૈચ્છિક સફાઈ-શ્રમદાન કરવાના, સ્વચ્છતા જાળવવાના અને ગ્રામજનો પાસે તે પળાવવાના શપથ-સોગંધ પણ લીધા હતા. શાળાના કલાશિક્ષકશ્રી ભરતભાઈ એ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યુ હતું. તમામ સ્પર્ધક બાળકોને -ેત્સાહક ભેટથી અને -થમ ત્રણ ક્રમે વિજેતા કલાકારોને યોગ્ય પુરસ્કાર-પ્રમાણપત્રથી અભિવાદીત કરવામાં આવ્યા હતાં.

## હરિની દૃષ્ટિ...



આળસુ કવિ છે... સફાઈ અભિયાન માટે, કવીતા ગાય છે કે 'હે વસંત તારા વાયરા દ્વારા આ કચરો ઉપાડી લે... !'

## ગાંધીનગરમાં ૧લી ફેબ્રુઆરીએ પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં પ્રતિ મહિનાના પહેલા રવિવારે પુસ્તકોના આદાન-પ્રદાનના સેતુરૂપ પુસ્તક પરબનો કાર્યક્રમ યોજાય છે. તા. ૧-૨-૨૦૧૫ રવિવારે સવારે ૭.૩૦થી ૯.૦૦ દરમ્યાન ઘ-૪ સર્કલ - ઉદ્યોગ ભવન, ગાંધીનગર ખાતે પુસ્તક પરબ યોજાનાર છે. માતૃભાષા અભિયાન, અમદાવાદના ઉપક્રમે અને આત્મન્ ફાઉન્ડેશનના સહયોગમાં પુસ્તક પરબ યોજવામાં આવે છે. ગુજરાતી ભાષાનું ગૌરવ વધે, સારાં પુસ્તકો-સારા સાહિત્યનો સમાજમાં પ્રસાર થાય, વિદ્યાર્થીઓ-યુવા પેઢીમાં વાંચનની ટેવ વિકસે એવા શુભાસયથી આ પુસ્તક પરબ યોજવામાં આવે છે. ગુજરાતભરમાં વિવિધ કેન્દ્રો ખાતે આ કાર્યક્રમ યોજાય છે. પુસ્તક પરબની મુલાકાતે આવનાર ઉપલબ્ધ પુસ્તકો પૈકી કોઈ પણ બે પુસ્તક તથા બે-ત્રણ સામયિક વિના મૂલ્યે ભેટમાં વાંચવા લઈ જઈ શકે છે.

આ પુસ્તકપરબનો લાભ લેવા પુસ્તક પરબના સહયોગીઓ સર્વશ્રી પ્રજ્ઞા પટેલ, આશા સરવૈયા, દક્ષા ભાવસાર, કિશોર જિકાદરા, મૂળજીભાઈ પરમાર, ભરત પાઠક, સંજય થોરાત વગેરે મિત્રો તરફથી હાર્દિક નિમંત્રણ છે.

# સાદરા ખાતે મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરામાં રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ગાંધી નિર્વાણ દિનના ઉપલક્ષમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. ગાંધી નિર્વાણ દિવસના સંદર્ભે પ્રો. જમનાદાસ સાવલિયા ગાંધીજીના જીવનમૂલ્યો વિશે વિદ્યાર્થીઓને સમાજસેવાના કાર્યોમાં જોડાય અને સમાજ માટે તેના સમાજકલ્યાણના કાર્યો કરે તે વિશે માહિતી આપી બધા જ વિદ્યાર્થીઓને શહિદ દિવસના સંદર્ભે શહીદો માટે મૌન પાળવામાં આવ્યું અને ડૉ. ઉદાજી પરમારે વિદ્યાર્થીઓને સ્વચ્છતા અને સફાઈ વિશેની પ્રતિજ્ઞા લેવડાવી હતી. સ્વચ્છ ભારત મિશનના અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં મહાવિદ્યાલયના ૩૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકેની જવાબદારી ડૉ. ઉદાજી પરમાર, ડૉ. ગીતાબેન પટેલ, ડૉ. વિજયભાઈ મકવાણા અને પ્રો. જમનાદાસ સાવલિયાએ નિભાવી હતી. વિજેતા તરીકે એમ.પી.એડ.ની જુલી પવાસીયા અને દિપ્તી લોહાણ સંયુકત રીતે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જયારે દ્વીતીય સ્થાન બી.પી.એડ.ની વિદ્યાર્થીની પાયલ વાણિયા અને તૃતીય સ્થાન એમ.પી.એડ.નો વિદ્યાર્થી શૈલેશ પટેલે પ્રાપ્ત કર્યો હતો. સંપૂર્ણ કાર્યક્રમમાં માર્ગદર્શકની ભૂમિકા પ્રો. જમનાદાસ સાવલિયાએ નિભાવી હતી. જયારે કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફીસર ડૉ. નીરજભાઈ સિલાવટ અને ડૉ. ઉદાજી પરમારે કર્યું હતું.



## ગોકુલપુરાના બાળકોને એનર્જી ડ્રિન્કસનું વિતરણ કરાયું

ગાંધીનગરની ગજાનન સેવા સમિતિ દ્વારા ગોકુલપુરા પ્રાથમિક શાળાના ૨૭૦ બાળકોને એપલ તથા ઓરેંજ જ્યુશના ટેટ્રાપેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહાત્મા ગાંધી નિર્વાણ દિને બાળકોને આ એનર્જી ડ્રિંક્સ મળતા આનંદ વિભોર થઈ ગયા હતા. આ સેવા કાર્ય માટે મિલિન્દ ગુપ્તે, દિનેશભાઈ, દેવ, મહર્ષિ તથા શાળાના સ્ટાફ અને ધો. ૮ ના વિદ્યાર્થીઓએ સેવાઓ આપી હતી. જ્યારે જ્યુસના પેક્ટ્સ ઈન્ટાસ કંપની દ્વારા દાનમાં અપાયા હતા.

## ખાખરીયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજના રવિવારે સમૂહલગ્ન યોજાશે

ખાખરિયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજ યોજિત ૨૦મો સમુહલગ્ન કુળદેવી મા બ્રહ્માણીની આશીર્વાદથી કુડાસણ ગામે સમાજની વાડીમાં તા. ૧લી ફેબ્રુઆરીએ યોજાશે. જેમાં ૨૪ નવદંપતીઓ પ્રભુતામાં પગલા પાડશે. વેબસાઈડ ડબલ્યુ ડબલ્યુ ડબલ્યુ ખાખરીયા ૬૬ સેવા સમાજ કોમ. વેબ ડબલ્યુડબલ્યુડબલ્યુ ખાખરીયા ૬૬ પ્રજાપતિપરથી જોવા મળી શકશે. મહામંત્રી શ્રી કાન્તીલાલ ગુર્જરે જણાવેલ છે.

## સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટને વિદ્યાસાગર પદ્વી એનાયત

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટને ભાગલપુર બિહારમાં છેલ્લા ત્રીસેક વર્ષથી કાર્યરત વિક્રમશીલા હિન્દી વિદ્યાપીઠ દ્વારા વિદ્યાસાગર



સન્માન (ડી. લિટ સમકક્ષ) માનદ ઉપાધિથી સન્માનવામાં આવ્યા છે. આ સન્માન ડૉ. ભટ્ટને તેમની સુદીર્ઘ હિન્દી સેવા, સારસ્વત સાધના, કલાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલબ્ધિ, શૈક્ષણિક પ્રદાન, સંશોધનો તથા રાષ્ટ્રિય પ્રરતિષ્ઠાના આધાર પર અને સાહિત્યિક સમર્પણને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યું છે.

આ અગાઉ ઓક્ટોર-૨૦૧૪માં ડૉ. ભટ્ટને કોલકત્તાની સાહિત્ય, સંસ્કૃતિ અને કલાને સમર્પિત સાહિત્યિક સંસ્થા ભારતીય વાઙ્મય પીઠ દ્વારા સાહિત્ય શિરોમણી સારસ્વત સન્માન (પીએચ.ડી. સમકક્ષ) માનદ ઉપાધિથી સન્માનવામાં આવ્યા હતા. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ડૉ. ભટ્ટના ૧૫ જેટલા પુસ્તકો પ્રગટ થયા છે. તેમના દ્વારા અનુવાદિત નવલકથા 'છિન્નમસ્તા' હાલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત વિદ્યાપીઠ અને એસ.એન.ડી.ટી. યુનિ.ના એમ. એ.ના અભ્યાસક્રમમાં પણ ચાલે છે. કેન્દ્રિય હિન્દી નિર્દેશાલય-નવી દિલ્હી દ્વારા પ્રકાશિત ગુજરાતી-હિન્દી શબ્દકોશનાં તેઓ મુખ્ય સંપાદક અને 'ભારતીય ભાષાકોશ'માં ગુજરાતી ભાષાના તજજ્ઞ તરીકે તેઓએ પાંચ વર્ષ સેવાઓ આપી છે. તેમનું લખેલું બાળનાટક બાળનરેન્દ્ર ધોરણ ચારના પાઠ્યપુસ્તકમાં પણ સમાવાયું છે.

## મનિષકુમાર રાવલ પીએચ.ડી. થયા

ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તાબા હેઠળની મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરીમાં આસીસ્ટન્ટ ઈલેકટ્રીકલ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા શ્રી મનીષકુમાર નવિનચંદ્ર રાવલે ગાઈડશ્રી ડૉ. વેદ વ્યાસ દ્વિવેદી, વાઈસ ચાન્સેલર, સી.યુ. શાહ યુનિ., વઢવાણના માર્ગદર્શન હેઠળ 'સ્ટડી, એનાલીસીસ એન્ડ ઓપ્ટીમાઈઝેશન ઓફ ડીસ્ટ્રીબ્યુટેડ જનરેટીંગ સિસ્ટમ' વિષય ઉપર પોતાનો થીસીસ તૈયાર કરી ઉદેપુર ખાતેની પેસીફીક એકેડેમી ઓફ હાયર એજયુકેશન એન્ડ રીસર્ચ, યુનિવર્સિટીમાંથી ઈલેકટ્રીકલ એન્જિનિયરીંગ ફેકલ્ટીમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે અને કચેરી તથા સમાજનું ગૌરવ વધારેલ છે. શ્રી મનિષ રાવલે કડી સર્વ વિદ્યાલય, સે-૨૩, ગાંધીનગર ખાતે અભ્યાસ કરેલ અને ગર્વમેન્ટ એન્જિનિયરીંગ કોલેજ મોડાસા



ખાતેથી બી.ઈ. ઈલેકટ્રીકલ અને એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ અમદાવાદ ખાતેથી માસ્ટર ઓફ ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગની પદવી મેળવેલ હતી અને હાલ શ્રી રાવલ મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીના ટેકનિકલ અંગત મદદનીશ તરીકે પોતાની સેવાઓ બજાવી રહેલ છે.

# શિક્ષણ-ઉદ્યોગ ક્ષેત્ર વચ્ચે સતત ચર્ચા બેઠકો જરૂરી

### રાજ્યમાં રોજગાર ઈચ્છતા યુવાનોને રોજગારી મળી રહે તેવી વ્યવસ્થા આપવામાં આવશે : શિક્ષણમંત્રી ચુડાસમા

અમદાવાદ, તા.૩૦

ઔદ્યોગિક ક્ષેત્રે ઉદ્યોગોની જરૂરિયાત અને માંગ મુજબ કૌશલ્યવાન રોજગાર વાંચ્છુઓ ઔદ્યોગિક એકમોને મળી રહે તેવા વ્યવસ્થાપન માટે ઉદ્યોગ જગત અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે પરમેનન્ટ ફોરમ ઉભુ કરી સ્કીલ ગેપ ઓછો થાય તે સમયની જરૂરિયાત હોવાનું શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે. ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા રાજ્યના ઔદ્યોગિક અને શિક્ષણ ક્ષેત્રના અગ્રણીઓની ચૂડાસમાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ બેઠકમાં એવો સૂર વ્યક્ત થયો હતો કે, રાજ્યમાં સતત ઔદ્યોગિક વિકાસના કારણે રોજગારીની તકો પણ વધતી જાય છે ત્યારે રાજ્યના કૌશલ્ય ધરાવતા યુવાધનને તેનો મહત્તમ લાભ મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. ટેકનિકલ અને ઈજનેરી ક્ષેત્રે કૌશલ્ય સાથે બહાર આવતા અનેક યુવાનોને રોજગારી મળી રહે તો બીજી તરફ ઉદ્યોગોની જરૂરિયાત પુરી કરી શકે તેવા સ્કીલ બેઈઝ રોજગાર ઈચ્છતા યુવાનો તૈયાર કરવાની વ્યવસ્થા વધુ સુદઢ બનાવવી જરૂરી છે. ચુડાસમાએ આવાવ્યવસ્થાપન માટે પરમેનન્ટ ફોરમની રચનાનું સૂચન કર્યુંહતું. સમગ્ર વિશ્વમાં ઔદ્યોગિક અને શૈક્ષણિક ક્ષેત્રે કૌશલ્યની મહત્તમ માંગ હોવાનો ઉલ્લેખ કરી શિક્ષણમંત્રીએ જણાવ્યુંહતું કે, આવા કૌશલ્યવાન વિદ્યાર્થીઓ જે તે યુનિવર્સીટમાં ઝડપથી તૈયાર થઈ રહ્યા છે, તેમાં હજુ પણ વધારો થાય તે રીતે રાજ્ય સરકાર આગળ વધી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, ઉદ્યોગ જગતને કુશળતા ધરાવતા ઈજનેરી કે ટેકનિકલ જ્ઞાન ધરાવતા યુવાનો મળી રહે તેવી શિક્ષણ વ્યવસ્થા છે જ છતાં જરૂર જણાયે તેમાં સુધારાના અવકાશને ધ્યાનમાં રાખી ઔદ્યોગિક ક્ષેત્ર અને શિક્ષણ સંસ્થાઓના અગ્રણીઓ વચ્ચે બેઠકો ચર્ચાઓનો સતત દોર ચાલુ રહેશે અને તેના નિષ્કર્ષ મુજબ જરૂરી ફેરફાર કરી યુવાનોને રોજગાર મળે અને ઉદ્યોગ જગતની જરૂરિયાત પણ સંતોષાય તેવી વ્યવસ્થાને વધુ ઘનિષ્ટ બનાવાશે.

# શાળા : એક ઔપચારિક શિક્ષણ વ્યવસ્થા

શિક્ષણ એ એક સામાજિક પ્રક્રિયા છે, જે ઔપચારિક અને અનૌપચારિક પ્રકારની છે. શાળાને એક ઔપચારિક શિક્ષણ વ્યવસ્થા તરીકે ગણવામાં આવે છે.

વિશાળ - વર્ગનું સંકુલ સંગઠન નિર્ધારિત ધ્યેયને



વિધિપૂર્વક આગળ ધપાવે છે, એમાં સંસ્થાનો એક ઉપવર્ગ હોય છે, જે કાર્ય પ્રક્રિયા અર્થે વફાદાર હોય છે. શાળાએ ઉપવર્ગ ગણાય છે. આ રીતે તે ઔદ્યોગિત પેઢીનો ઉત્પાદક વિભાગ ગણાય. વસ્તુઓ અને લોકોની પ્રકર્યા માટે - બંને વચ્ચે મોટો તફાવત છે.

માનવજાત માટેની પ્રક્રિયા, વસ્તુઓને તૈયાર કરવાની પ્રક્રિયા કરતાં તદ્દન અલગ છે. સામાન્ય સમસ્યાના ઉકેલ માટે લોકો જોડાય છે. શાળાએ બુદ્ધિવાદી અને અમલદારશાહી વાળુ, ચોક્કસ પ્રકારનુ માળખું છે. માનવ માટેની પ્રક્રિયા અર્થે, સંસ્થાને ચોક્કસ પ્રકારના ખાસ લાયકાત વાળા કર્મચારીગણની વ્યક્તિગત સેવા આપવા માટે ખાસ જરૂર પડે છે. શાળાના શિક્ષકગણ અને બિનશૈક્ષણિક કર્મચારીગણને ખાસ પ્રકારનાં વ્યવસાયિક લક્ષણો હોય છે. ટૂંકમાં, શાળાઓ કેવળ સંકુલ સંગઠન નથી, પરંતુ વ્યાવસાયિક સંસ્થાઓ છે.

સંકુલ સંગઠનોને માનવ પ્રક્રિયા માટે અન્ય લક્ષણની જરૂર પડે છે. જેલ અને માસનિક રોગોની હોસ્પિટલો વ્યક્તિઓ પુનઃ ઘડતર માટે હોય છે, જ્યારે તે વિદ્યાર્થીઓનું સામાજિક રીતે ઘડતર કરે છે. શાળાઓ સામાજિક સેવા કરવા માટે રોકાયેલી હોય છે, જયારે જેલ અને માનસિક રોગોની હોસ્પિટલ રોગોની પુનઃસામાજિકીરણ અર્થે સ્થપાયેલી હોય છે.

ટૂંકમાં શાળાઓ અમલદારશાહી તરીકે માનવ પ્રક્રિયા માટે કોઇ સાદી સંસ્થા તરીકે પુરતી નથી. શાળાઓ અમલદારશાહી વાળી, વ્યવસાયલક્ષી અને સામાજિકીકરણ માટેની હોવી જોઇએ, એનો અર્થ એ થયો કે, અન્ય પ્રકારના સંગઠનોની માફક શાળાઓ ખાસ લક્ષણો ધરાવે છે અને એ લક્ષણોનું વિશિષ્ટ સંગઠન થવું જોઇએ.

### અદબ પલાઠી મોં પર આંગળી

- ડો. સંતોષ દેવકર

સમાજ જે સેવાઓની અપેક્ષા રાખે છે. તેના ધોરણો અર્થે શિક્ષણ અને સંસ્કૃતિનાં સર્વ પાસાઓના સંદર્ભમાં પ્રત્યેક સંસ્કૃતિને તેનાં મૂલ્યો છે અને મૂલ્ય વ્યવસ્થાતંત્ર છે. પ્રત્યેક સમાજના લોકોમાં અપેક્ષિત, અનપેક્ષિત મૂલ્યો માટે મતભેદ હોય છે. આમ, લોકોની કલ્પનાઓથી મૂલ્યોનું વ્યવસ્થાતંત્ર બંધાય છે.

સમાજના સભ્યોમાં સમાવિષ્ટ થતાં મૂલ્યો સાંસ્કૃતિક મૂલ્યો ગણાય છે. શાળા સભાનપણે સમાજના સાંસ્કૃતિક મૂલ્યોને ગ્રહણ કરવા યુવાપેઢી માટે ખાસ વાતાવરણ પૂરું પાડે છે. જરૂરી જ્ઞાન અને કૌશલ્યના સંદર્ભમાં સમાજનાં મૂલ્યો અપેક્ષિત રહે છે. શાળાના સ્પષ્ટ હેતુઓ સમાજ દ્વારા વિશાળ રીતે નિર્ધારિત થાય છે.

શાળાને એક વ્યક્તિ તરીકે સમજવામાં આવે - જોવામાં આવે તો સમાજ માટે અનેક રીતે ફાયદાકારક બની શકે છે. શાળા માત્ર ઇંટ ચૂનાની ઇમારત નથી પરંતુ ભાવિ પેઢીને તૈયાર કરતી, મૂલ્યો અને આદર્શોનું વહન કરતું એક સાંસ્કૃતિક કેન્દ્ર છે. શાળા સામાજિક ધ્યેયોની સિદ્ધિ માટે કાર્યરત હોય છે.

સર્વસંમત રીતે રાષ્ટ્રીય મૂલ્યો સાંસ્કૃતિક મૂલ્ય વ્યવસ્થાતંત્રમાં પરિવર્તિત થાય છે. આમ, રાષ્ટ્ર ધ્યેયો આપણા શૈક્ષણિક મૂલ્યોમાં પરિવર્તિત થાય છે. સમય જતાં શિક્ષણ દ્વારા આ ધ્યેયો સિદ્ધ કરવામાં આવે છે. રાષ્ટ્રીય ધ્યેયોમાંથી અભ્યાસક્રમ નિર્ધારિત થાય છે. ઉદાહરણ તરીકે શાળાઓમાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના અનુભવો પૂરા પાડવામાં આવે છે અને અંતે રાષ્ટ્રીય ધ્યેયો સિદ્ધ થાય છે. (ક્રમશઃ)

મિસરી :

શાળામાં ભણતી વખતે નહિ

પરંતુ

શિક્ષણ પૂરું થયા બાદ

શાલા વ્હાલી લાગવા માંડે છે.

(SMS - જયેશ શેઠ)